# તસ્બીહે સફરૂલ મુઝફફર

رَبَّنَا ظَلَمْنَا أَنْفُسَنَا وَإِنْ لَمْ تَغْفِرْ
لَنَا وَتَرْحَمْنَا لَنَكُونَنَّ مِنَ الْخَاسِرِينَ

**"રબ્બના ઝલમના અન્ફોસના વઇલ્લમ તગફીરલના વ તરહમ્ના લનકુનન્ના મીનલ ખાસેરીન." (૭-૨૩)**

***માઅના -***

*(તે બેવે હ.આદમ (અ.સ.) અને માઁ હવ્વા (અ.સ.) એ કહ્યું કે) અય હમારા રબ, હમેં હમારા જાનો પર (હમારી ઝાત પર) ઝુલ્મ કીધો અને અગર તું હમને મઆફ નહીં કરે અને રેહમત નહીં કરે, તો ઝરૂર હમેં ખાસેરીનમાંથી (ખોટીયાઓ) થઈ જઈશું.*

અલ્લાહતઆલાએ ફરીશતાઓની આસમાન પર પેદાઈશ બાદ જીન્નાત ને પૈદા કરવાનો ઈરાદો કીધો. અલ્લાહતઆલા એ આ જીન્નાતને ઝમીનમાં વસાવા મગર આ લોકો એ અલ્લાહના હુકમને ખીલાફ જઈ એના અંબેયા ને કત્લ કીધા, ઝમીનમાં ફીતનો અને ફસાદ પૈદા કીધો, એક બીજાને કત્લ કરવા લાગા, અને બેહદ ખરાબી ફેલાવી. તો અલ્લાહતઆલાએ ફરીશતાઓ ને ઝમીન પર જાવાનો હુકમ કીધો અને ફીતનો કરનાર તમામ જીન્નાતને હલાક કીધા. તે બાદ અલ્લાહતઆલાએ ઈન્સાન ને પૈદા કરવાનો ઈરાદો કીધો અને પોતાનો ઈઝહારે ખયાલ કરતા ફરીશતાઓ ને કહ્યું કે, *"મેં ઝમીનમાં એક ખલીફા ને પૈદા કરનાર છું,"* આ ખલીફાની માઅના અંબેયા અને અવલેયાની છે જે અશરફુલ મખલુકાત છે, ઈન્સાનોમાં આઅલા અને અફઝલ છે. અલ્લાહ તઆલાના આ કૌલ પર ફરીશતાઓ બોલા કે, *"શું તું એવા શખ્સને ઝમીનમાં પૈદા કરવા ચાહે છે જે જીન્નાતની મીસીલ ફસાદ કરે, ખૂઁરેઝી કરે, એકબીજાને મારી નાંખે? એ વાતને બાવજુદ કે હમેં તારા હમ્દની તસ્બીહ-તકદીસ કરીએ છીએ."* અલ્લાહતઆલાએ જવાબમાં કહ્યું કે, ***"હું તે ચીઝને જાણું છું જેને તમેં નથી જાણતા."*** ફરીશતાઓ સમઝા કે હમારી ઘણી મોટી ભુલ થઈ છે, તો પછી અલ્લાહના ફરમાનથી એ સઘલાએ ચોથા આસ્માન પર કાઅબતુલ્લાહ બનાવા અને તેને તવાફ દઈને પોતાની ભુલ વાસ્તે ઈસ્તીગફાર કીધો અને અલ્લાહતઆલાને રાઝી કીધા. તે બાદ અલ્લાહતઆલાએ રૂએ ઝમીન પરથી માટીની એક મૂઠ્ઠી લઈને તેમાંથી ઈન્સાનની સુરત પૈદા કીધી. તેમાં રૂહ ફૂંકી અને તેનું નામ **"આદમ"** રાખુ, ઈલ્મે ઈલાહીથી આદમના દીલને મુનવ્વર કીધું અને ફરીશતાઓને હુકમ કીધો કે આદમને સજદો કરે. તમામ ફરીશતા આ હુકુમને બજા લાવા અને આદમને એના ઈલ્મની અફઝલીય્યતના સબબ સજદો કીધો, મગર ઈબ્લીસે સજદો કરવાનો ઈન્કાર કીધો અને બોલો કે, *"અય રબ, તુએ મને આગથી પૈદા કીધો છે અને આદમને માટીથી, આગ માટી કરતા અફઝલ અને બલંદ છે."* ઈબ્લીસના આ ઘમંડ અને તકબ્બુરથી અલ્લાહતઆલા તેના પર ગઝબનાક થયો, તેને પોતાની રેહમત અને શફકતના સાયાથી ખારીજ કીધો અને તેના પર કયામતના દિન તક લાઅનત બોલી અને ફરીશતાઓને પણ તેના પર લાઅનત બોલી અને જન્નતમાંથી નીકાલી મૂકો.

તે બાદ અલ્લાહતઆલાએ આદમ (અ.સ.) ની પાઁસલીમાંથી હવ્વા (અ.સ.) ને પૈદા કીધા અને તે બેવેને જન્નતમાં વસાવા. એક દરખ્ત (ઝાડ) ના ફલ સિવાય જન્નતની તમામ લઝઝતો, રાહતો અને નેઅમતોને ઈસ્તેમાલ કરવાની આદમ (અ.સ.) ને ઈજાઝત આપી અને ફરમાયું કે, *" અય આદમ, શયતાન ઈબ્લીસ તમારો ખુલ્લો દુશ્મન છે, એ તમને આ મમ્નૂઅ દરખ્તના ફલને ખાવા પર તમને મજબૂર ન કરે, ફરેબ અને ધોખામાં ન નાખે, હુશ્યાર રેહજો, ખબરદાર રેહજો !"* આદમ (અ.સ.) એ આ રબ્બાની ફરમાનને સરે તસ્લીમ કીધું અને બેવે મરદ-બૈરો જન્નતમાં આરામથી અલ્લાહની તસ્બીહ અને તકબીર કરતા રહ્યા. ઈબ્લીસ લઈનને આદમ (અ.સ.) ની આ પાક ખસ્લત પસંદ ન આવી, તે હસદ અને અદેખાઈની આગમાં જલવા લાગો અને મકરો-ફરેબ કરવામાં મશગૂલ થયો, અને દગો કરી જન્નતમાં પહોંચી ગયો. ઘણી નમનતાઈ અને નરમાશથી આદમ અને હવ્વાને નઝદીક આવો અને કહેવા લાગો કે, *"હું તમારો ખૈરખ્વાહ છું, હમદર્દ છું, આ દરખ્તના ફલ ખાવાથી અલ્લાહએ તમને મના કીધા છે તેનો રાઝ એ છે કે અલ્લાહ એ નથી ચાહતો કે તમે ફરીશ્તા બની જાવ યા હમેંશા ઝીંદા રહો. અલ્લાહતઆલા તો તમને લાફાની ઝીંદગી અને ફરીશ્તાઈ સીફતથી મેહરૂમ કરવા ચાહે છે, આ દરખ્તના ફલને ખાવાથી તો તમને અઝીમ મુલ્ક મીલશે."*

આ કલામ સાંભલી એ બેવે શયતાનના દાવ-પેચમાં ફસાય ગયા અને હવ્વાના ઈસરારથી બેવે એ તે દરખ્તના ફલને ખાધું. બેવે શયતાનની ફરેબની જાલમાં ફસાય ગયા અને અલ્લાહતઆલાના ગઝબ-ગુસ્સાના શિકાર બના અને અલ્લાહએ તે બેવે ને જન્નત માંથી ખારીજ કીધા, નીકાલી મૂકા. તે બેવે પરથી અલ્લાહની રેહમતના સાયા ઊઠી ગયા અને તેમની ભૂલ ઝાહીર થઈ ગઈ. અલ્લાહએ કહ્યું કે, ***" મેં તમને તે દરખ્તના ફલને ખાવાથી નહોતા રોકા ? તમને ઈબ્લીસ મલઉનથી દૂર રેહવાનું નહોતું કહ્યું ?"*** આ સખત કલામ સાંભલી બેવે ઝારો-કતાર રોવા લાગા અને કહેવા લાગા કે, *" અય હમારા પરવરદીગાર, હમેં ખુદ હમારા જાન પર ઝુલ્મ કીધો છે, હમેં ખતાકાર છીએ. હવે જો તું હમને મઆફ નહીં કરે, હમારે પર રહેમ નહીં કરે, તો ઝરૂર હમેં ખાસેરીન, ખોટીયાઓમાંથી થઈશું."* તે બાદ અલ્લાહએ બેવેને ઝમીનમાં નાખા અને હીજાઝની ઝમીનમાં કાઅબતુલ્લાહ તામીર કરવાનું ફરમાન કીધું, જે બરાબર ફરીશતાઓએ તામીર કીધેલા ચોથા આસ્માન પરના કાઅબતુલ્લાહ ને નીચે છે. આદમ (અ.સ.) અને હવ્વા(અ.સ.) એ અલ્લાહતઆલાથી પોતાની ખતા વાસ્તે મગફેરત તલબ કરવા કાઅબતુલ્લાહને તવાફ દીધા અને પોતાના રબની ખુશનુદી હાસીલ કીધી. આદમ (અ.સ.) ની નસલ-ઔલાદમાં પણ આ જ અમલ જારી રહ્યો અને આજ તક બની આદમ ઈસ્તીગફાર વાસ્તે આ મુકદસ જગા પર આવે છે અને પોતાના દામને ઈસ્યાઁને નેકીઓથી ભરીને જાય છે.

અય ઈમાનદારો, આ તસ્બીહના મફહુમને દીલમાં ઉતારી આપની કીંમતી ઝીંદગીને મુત્તકી અને પરહેઝગાર બનીને બસર કરો. જે શખ્સના દીલમાં અલ્લાહનો ખૌફ અને નેક અમલ કરવાનો શૌક હશે તેનાથી શયતાન દૂર રેહશે.★